ગાંધીનગર સમાચાર
તા. ૨-૯-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

ભગવાન કે ઘર દેર હૈ - અંધેર નહીં હૈ...

પંદરમી ઑગસ્ટની રાતે જોધપુરના આસારામ આશ્રમ ખાતે આવેલ ફાર્મહાઉસમાં બનેલી કહેવાતી યૌન શોષણની ઘટનાના આરોપસર આસારામ ઉપર ધરપકડની તલવાર લટકતી હતી. મોડે મોડે મધરાતના સાડાબારના સુમારે જોધપુર પોલીસે ઈંદોર પોલીસનો સહયોગ લઈ ઈંદોર આશ્રમમાંથી આસારામની ધરપકડ કરી લીધી છે અને એમને વિમાન દ્વારા દિલ્હી થઈ જોધપુર લઈ જવાયા છે. રાજસ્થાન સરકારે અને જોધપુર પોલીસે સો ગરણે ગાળીને પાણી પીવાનો અભિગમ અપનાવ્યો હતો કારણ કે આરોપી કોઈ સામાન્ય નાગરિક ન હતા. સંત આસારામ કરોડો અનુયાયીઓના ગુરુ ગણાય છે. દેશભરમાં ઠેર ઠેર એમના આશ્રમો, ફાર્મ હાઉસો અને વિશાળ જમીનો આવેલી છે. એમના આયુર્વેદિક ઔષધ સ્ટોર પણ અનેક શહેરોમાં પથરાયેલા છે. એમના આ વિશાળ સામ્રાજ્યને કારણે એમની ધરપકડ કરવા માટે જોધપુર પોલીસ ફૂંકી ફૂંકીને ડગ ભરતી રહી. યૌન શોષણનો ભોગ બનેલી કિશોર વયની બાળાએ સ્પષ્ટ બયાન આપ્યું છે, જે કાનૂની દૃષ્ટિએ અપરાધીને જેલના સળિયા પાછળ ધકેલી દેવા માટે પૂરતું છે. પોલીસે શરૂમાં ઢીલું વર્તન અપનાવતાં નારાયણ સાંઈએ કટાક્ષ ભર્યું નિવેદન કર્યું હતું કે ઊંટ નીકળી ગયું છે અને હવે ફકત એની પૂંછડી જ બહાર કાઢવાની રહે છે. એમણે ખોંખારીને કહ્યું હતું કે આસારામ બાપુએ બળાત્કાર તો કર્યો જ નથી. એનો અર્થ એટલો થઈ શકે કે બળાત્કાર નહીં પરંતુ બીભત્સ વ્યવહાર કર્યો હોય તે બનવાજોગ છે, પરંતુ દિલ્હી રેપ કાંડ પછી સંસદમાં સર્વાનુમતે પસાર કરાયેલ સુધારેલા કાનૂન પછી તો બળાત્કાર માટેનો પ્રયાસ કે બીભત્સ છેડછાડ પણ એટલા જ ગંભીર ગુના ગણાય છે. આસારામ જેવા બહોળો શિષ્ય સમુદાય ધરાવતા ધર્મગુરુ માટે આવો આરોપ પણ અત્યંત કમનસીબ જ ગણાય. વળી આ આરોપ બહારની કોઈ વ્યક્તિએ નથી કર્યો પણ ખુદ એમના જ ગુરુકુળમાં રહી બારમા ધોરણમાં અભ્યાસ કરતી એક નિર્દોષ વિદ્યાર્થીનીએ કર્યો છે. એ દીકરીના બાહોશ પિતાએ જો આટલી હિંમત ન બતાવી હોત તો મામલો દબાઈ જ ગયો હોત. આસારામે એ ઘટનાને સોનિયા- રાહુલ જેવાં વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓ દ્વારા પ્રેરિત કાવતરું ગણાવ્યું તે કેટલું હાસ્યાસ્પદ નિવેદન હતું! આવાં બેહૂદાં નિવેદનો કરીને તથા એક સ્થળેથી બીજા સ્થળે દોડાદોડી કરીને આસારામે પોતાની વિરુદ્ધ પોતે જ કેસ મજબૂત કર્યો છે. મીડિયાકર્મીઓ સાથે મારામારી કરીને એમના ટેકેદારોએ આસારામ તરફ ઊભા થયેલા જન-આક્રોશને વધુ પ્રજ્વલિત કર્યો છે. ઈંદોર આશ્રમ આગળ એકઠાં થયેલાં સમર્થકોનાં ટોળાં અને દિલ્હી હવાઈ મથકે ઊમટેલી ભક્તમંડળીઓને કાબૂમાં લેતાં પોલીસના નાકે દમ આવી ગયો હતો. સમર્થકોએ ટ્રેન વ્યવહાર ખોરવવાની પણ કોશિશ કરી, અને બાપુના ઈશારે દેશભરમાં આંદોલન કરવાની તૈયારી રાખી છે. જોધપુર હવાઈ મથકે આવું કશું ન બને એ માટે પૂરી ચોકસાઈ રખાઈ હતી. હવાઈ મથકેથી આસારામને મંડોર પોલીસ થાણે લઈ જવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જડબેસલાક બંદોબસ્ત ગોઠવી એમની કામગીરી સફળાતપૂર્વક પાર પાડી છે. હવે નિયમાનુસાર આસારામને બાકી રહેલી પૂછપરછ કરી વહેલી તકે ન્યાયાધીશ સમક્ષ રજૂ કરી આગળની કાર્યવાહી હાથ ધરાશે. જ્યાં સુધી આસારામની ધરપકડ ન થાય ત્યાં સુધી અન્નજળ છોડીને ભૂખ હડતાલ પર બેઠેલા પીડિત બાળાના પિતાએ આસારામ સામેની કાનૂની કાર્યવાહી તટસ્થ રીતે ચાલે એવી અપેક્ષા રાખી છે. આસારામના હાથ ઘણા લાંબા છે. રાજકારણીઓ અને બ્યુરોક્રેટ્સ એમની સામે દંડવત્ કરતા રહ્યા છે. એમને આશ્રમો બાંધવા માટે જમીનો ફાળવતા રહ્યા છે. રિલાયંસ-તાતા કે બિરલા જેવા ઉદ્યોગપતિ જેવો પ્રભાવ ધરાવતા આ 'સંત' હવે કાનૂનના સકંજામાં સપડાયા છે ત્યારે આપણા શાસન તંત્ર કરતાં વિશેષ તો ન્યાયપાલિકાની આકરી કસોટી થવાની છે. કાનૂન સૌને માટે સરખો હોય તો આસારામને એમના કહેવાતા ગુનાની ખરાઈ કર્યા પછી નમૂનારૂપ સજા થવી જોઈએ. જો તેઓ પોતાને નિર્દોષ ઠેરવી શકે તો એમના પર ખોટા આક્ષેપો કરનાર ફરિયાદીને અને એને મદદરૂપ થનારાં કે ચડવણી કરનારાં તત્ત્વોને પણ સખત નશ્યત થવી ઘટે. પ્રખર ધર્મગુરુ તરીકે ભારે વગ ધરાવતા સંત આસારામને કાનૂની જંગમાં મદદરૂપ થવા માટે દેશના મોંઘામાં મોંઘા વકીલો દોડી આવશે, પરંતુ જો ફરિયાદીએ સાચી ફરિયાદ કરી હશે તો આખરે સત્યનો જ જય થઈને રહેશે. ખરી વાત તો એ છે કે 'સીઝરની પત્ની શંકાથી પર હોવી જોઈએ.' કોઈ ધર્મગુરુ પર આવો આક્ષેપ થાય તે જ મોટી સજા ગણાય. ભગવાન કે ઘર દેર હૈ, અંધેર નહીં હૈ!

એલએલબીમાં પ્રવેશ મેળવવા માંગતા હજારો વિદ્યાર્થી વંચિત

એલએલબીની એક બેઠક ઉપર પ્રવેશ માટે ૨૦,૦૦૦નો ભાવ : વિદ્યાર્થીઓનો હાલમાં જોરદાર ધસારો જોવા મળ્યો

અમદાવાદ, તા.૧

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એલએલબી કોલેજોમાં જુજ બેઠકો સામે વિદ્યાર્થીઓનો ધસારો જોવા મળી રહ્યો છે જેના કારણે અનેક વિદ્યાર્થીઓએ પ્રવેશથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. જેનો લાભ લઈ કેટલાક કોલેજોમાં એલએલબીની બેઠક દીઠ રૂપિયા ૨૦,૦૦૦નો ભાવ બોલાતો હોવાની ચોંકાવનારી માહિતી સુત્રો દ્વારા પ્રાપ્ત થઈ રહી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદમાં સાત એલએલબી કોલેજો આવેલી છે. આ કોલેજોમાં અંદાજીત ૪૨૦ બેઠકો આવેલ છે. પરંતુ તાજેતરના વર્ષોમાં વિદ્યાર્થીઓમાં એલએલબી કરવાનો ક્રેઝ વધતા અનેક વિદ્યાર્થીઓએ પ્રવેશથી વંચિત રહેવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરમાં એલએલબીની ૪૨૦ બેઠકો સામે હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે ધસારો કર્યો હતો જો કે જુજ બેઠકોના કારણે અનેક વિદ્યાર્થીઓએ પ્રવેશથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. આ તકનો લાભ લઈ કેટલાક લે ભાગુ તત્વો સંચાલકો સાથે સાંઠગાઠે રચી વિદ્યાર્થીઓની મજબુરીનો લાભ ઉઠાવતા હોવાની ચોંકાવનારી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. વિશ્વાસપાત્ર સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદમાં અત્યારે એલએલબીની એક બેઠક માટે રૂા. ૨૦,૦૦૦ નો ભાવ બોલાઈ રહ્યો છે અને એલએલબી કરવા માંગતા વિદ્યાર્થીઓ મજબુરી સાથે પણ રૂપિયા ૨૦,૦૦૦ ભરીને પણ પ્રવેશ મેળવી રહ્યા છે. જો કે આ કારણે નબળી આર્થિક સ્થિતિ ધરાવતા અનેક વિદ્યાર્થીઓએ પ્રવેશથી વંચિત રહેવાનો વારો આવ્યો છે.

વિદ્યાર્થીમાં એલએલબી ક્રેઝ વધતા સ્થિતિ વણસી

તાજેતરમાં ટેકનિકલ શિક્ષણ ક્રેઝ નોકરીની તકો ઘટતા વિદ્યાર્થીઓ અન્ય અભ્યાસક્રમો તરફ વળ્યા છે. જેના કારણે એલએલબીમાં પ્રવેશ મેળવવા આ વર્ષે રીતસર વિદ્યાર્થીઓનો ધસારો જોવા મળ્યો હતો. અમદાવાદમાં અંદાજે ૪૨૦ બેઠકો સામે હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવા અરજી કરતા અનેક વિદ્યાર્થીઓએ પ્રવેશથી વંચિત રહેવું પડે તેવી સ્થિતિ છે. ઉલ્લેખનીય છે કે પહેલા વિદ્યાર્થીએ ગ્રેજ્યુએશન પછી બીએડ, એમબીએ, એમસીએ જેવા ટેકનિકલ અને વ્યવસાયલક્ષી ક્ષેત્રોમાં પ્રવેશને પ્રાથમિકતા આપતા હતા. પરીણામે એલએલબીનાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને આસાનીથી પ્રવેશ મળી જતો હતો પરંતુ તાજેતરનાં વર્ષોમાં એમબીએ, એમસીએ અને બીએડ કર્યા બાદ નોકરીની તકોમાં ઘટાડો થયો છે. વળી આ અભ્યાસક્રમો ઉંચી ફીના કારણે વિદ્યાર્થીઓને પરવડે તેવા પણ નથી જેના કારણે વિદ્યાર્થીઓ એલએલબીમાં પ્રવેશને પ્રાથમિકતા આપી રહ્યા છે પરીણામે પ્રવેશની સમસ્યા સર્જાય છે.

બેટા.. હવે તું ગભરાઈશ નહીં પહેલા જેવું નથી રહ્યું. જેલમાં તને મોટા મોટા ફિલ્મસ્ટાર, પોલીસ અધિકારી, પોલીટીશિયન, સંતો વિગેરેનું સાનિધ્ય મળશે...!!

આર.એન. પટેલ શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ તેમજ રોટરી ક્લબ ઓફ ગાંધીનગર, એમ.એમ. સ્પોર્ટસના સંયુક્ત ઉપક્રમે ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગત તારીખ ૨૫ ઓગષ્ટ-૨૦૧૩ના રોજ પ્રો. જે.કે. કાપડીયાના સ્મરણાર્થે યોજાયેલ ચેસ સ્પર્ધામાં અન્ડર-૧૪ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ચેસ સ્પર્ધામાં શાળાના પાઠક રૂદ્ર શ્વેતલભાઈ, પટેલ રાજ શૈલેષભાઈ જેમાં અનુક્રમે બન્ને વિદ્યાર્થીઓ પ્રથમ અને દ્વિતિય ક્રમાંક મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. શાળા પરિવાર વતી આ બન્ને વિદ્યાર્થીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમજ શાળાના આચાર્ય દશરથભાઈ પટેલે શુભકામના પાઠવી હતી.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડામાં વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૧

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન ભીલોડા તાલુકામાં કરવામાં આવ્યું હતું.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શ્રાવણ મહીનાના મધ્યમાં ભીલોડા તાલુકામાં વાંદયોલ ઉત્તર બુનિયાદીમાં ૩૦૦, હરીશચંદ્ર આશ્રમ શાળા ૧૫૦ તથા શામળપુર છાત્રાલય પાસે ૧૫૦ રોપાનું વાવેતર કર્યુ હતુ. ૨૦ વિવિધ પ્રકારના રોપા ત્યાં લગાવ્યા હતા. હરીશચંદ્ર આશ્રમ શાળાના પ્રત્યેક બાળકોને નવા કપડા પહેરાવ્યા તથા રાયપુર કન્યા છાત્રાલય, ભેટાલી આશ્રમ શાળા, વાંદયોલ, હરીશચંદ્ર આશ્રમ શાળામાં ૨૦-૨૦ કિ.ગ્રા. ઘઉંનું વિતરણ કર્યું.

ખેરાડી પી.એચ.સી.ની ખારી વિસ્તારની ૨૦ આંગણવાડી બહેનોને બાળકોને લગતા ૨૦ કપડાંની થેલી પ્રત્યેકને આપી હતી. આ સાથે ૧૦ સ્થાનો ઉપર શ્રી ગણપતિજીની સ્થાપનાની તૈયારી પણ પૂર્ણ કરી હતી. જીઈબી સેવા વસ્તીના દાનાભાઈ ઠાકોર, લાલજી વણઝારા, ઈશ્વર તથા ચેનત, મિલિન્દ ગુમે, દિનેશ પરમારે સઘન સહયોગ આપ્યો હતો. છાત્રાલયના વિદ્યાર્થી તથા શિક્ષકોએ મદદરૂપ થયા હતા.

શાહપુરની સ્કૂલમાં વિદ્યાર્થીને માર માર્યાની પોલીસ ફરિયાદ

અમદાવાદના શાહપુર વિસ્તારમાં આવેલ નેશનલ હાઈસ્કુલમાં વિદ્યાર્થીને શિક્ષણ દ્વારા ગડદાપાટુનોમાર માર્યાના જાણવા જોગ ફરીયાદ શાહપુર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. પોલીસે ફરીયાદના આધારે ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા ચિત્ર સ્પર્ધાનું પરિણામ

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય પરિષદ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે હવેલી મંદિર ખાતે તા. ૨૮-૮-૨૦૧૩ના રોજ ચિત્ર હરિફાઈ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૧૦૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ગ્રુપ એ માં પ્રથમ ક્રમે ઈશિતા ગુપ્તા, દ્વિતીય ક્રમે યૈદેહી વૈષ્ણવ, તૃતિય સ્થાને ભાર્ગવ યાજ્ઞિક અને નિસર્ગ શાહ રહ્યા હતા જયારે ગ્રુપ બીમાં માનુશ્રી અને મિષ્ઠા વિજેતા બન્યા હતા. ગ્રુપ સીમાં પ્રથમ ક્રમે શિવાની શુક્લ, દ્વિતીય ક્રમે નીતા વૈષ્ણવ, તૃતિય ક્રમે ઉપર્ણા જરદોસ વિજયી બન્યા હતા. વિજેતા સ્પર્ધકોને પ્રોત્સાહન ઈનામો સુશ્રી સુમનબેન શાહ, પંકજભાઈ, કુંજન બાબુભાઈ કોન્ટ્રાકટર તરફથી વિતરણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સમગ્ર સ્પર્ધકોને નાસ્તો ઉષાબેન શાહ તરફથી આપવામાં આવ્યો હતો તેમ સંસ્થાના માનદમંત્રી રસીકભાઈ ગાંધીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

સે. ૭-સી નવરાત્રી સમિતિના હોદ્દેદારો વરાયા

તાજેતરમાં ગાંધીનગર સેક્ટર-૭-સી ખાતે આગામી નવરાત્રી મહોત્સવને અનુલક્ષીને હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે લાલુભા વાઘેલા, મહામંત્રી તરીકે તળજાભાઈ દેસાઈ, કન્વીનર તરીકે કાળુભાઈ દેસાઈ, સહ કન્વીનર તરીકે ગણપતસિંહ ચુડાસમા, ખજાનચી તરીકે પ્રતાપજી ચાવડા તથા નવુજી વાઘેલા, ઉપપ્રમુખ તરીકે ઘનસિંહ પરમાર, જે.એમ. દવે, બહાદુરસિંહ વાઘેલા, નટુભા જાડેજા, વિષ્ણુભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ, હરિસિંહ સુર્યવંશી, સહમંત્રી તરીકે ગાભુજી રબારી, વાડીભાઈ પટેલ, ગોવિંદભાઈ ભાવસાર, રમણ મોદી, દશરથ પટેલ, પ્રવિણ પટેલ, બીપીન પટેલ, સંગઠન મંત્રી તરીકે દિલીપસિંહ ઝાલા, દિપક પાટડીયા, જયેન્દ્રસિંહ બિહોલા, રામસિંગ ઝાલા, આર.આઈ. પટેલ, રાજુભાઈ શ્રીમાળી, નિરૂભા જે. ગોહીલ, મુખ્ય સહાયક તરીકે વિરમભાઈ દેસાઈ, પી.આર.ઓ. તરીકે જયેશભાઈ મેવાડાની વરણી થતા હર્ષની લાગણી ફેલાઈ હતી.

ગાંધીનગરના ટાઉનહોલ ખાતે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ બેંક લી. (એપેક્ષ બેંક) દ્વારા એક શૈક્ષણિક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેંક વિષયક માહિતીની વાતો કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

કાનૂની શિક્ષણ શિબિરમાં મેળવેલ કાયદાની માહિતીને આધારે એક નાનકડો માનવી પણ ખુમારીપૂર્વક અધિકારીને ન્યાયની ભાષામાં જવાબ આપી શકે છે

મહિલા સમાજ અને કાયદો - અંક-૮
ડો. ભાવના કે. જોશીપુરા

પતિ-પત્નીની વચ્ચેની લગ્ન વિષયક તકરાર એ ખૂબ જ સંવેદનશીલ બાબત છે. પતિ-પત્નીની વચ્ચેના કજીયાના મૂળ સુધી પહોંચવું જરૂરી હોય છે. જો ઊભી થયેલી તકરાર એના મૂળ સુધી પહોંચી શકાય તો અને તો જ એ તકરારને સમાધાનમાં સુલજાવી શકાય છે. આપણે જાણવા માંગતા હતા કે મફત કાનૂની સલહા અને સહાય એ શું વિષય છે? કાનૂની જાગૃતિ સંકલ્પના એ બાબતને સર્વોચ્ચ અદાલતથી લઇ તાલુકા અદાલત સુધી શા માટે મહત્ત્વ આપવામાં આવે છે? કાનૂની જાગૃતિ સંકલ્પના એ બાબતને સર્વોચ્ચ અદાલતની લઇ તાલુકા અદાલત સુધી શા માટે મહત્ત્વ આપવામાં આવે છે? સામાજિક જાગૃતિ સાથે કાનૂની જાગૃતિ વિષયને તમામ સ્તરે આવરી લેવામાં આવેલ છે. ભારતીય બંધારણમાં મફત કાનૂની સહાય અંગે પણ ખાસ જોગવાઇ કરવામાં આવી છે.

ભારતીય બંધારણના વિભાગ ચાર કે જે રાજયનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો તરીકે પ્રયોજવામાં આવેલ છે તેના અનુચ્છેદ ૩૯ એ અંતર્ગત રાજય એ પ્રકારેની ન્યાય વ્યવસ્થા બનાવશે જેથી સમગ્ર વ્યવસ્થા ન્યાયપૂર્ણ બને જેનો આધાર સૌને સમાન તક અર્થેનો હોય અને ખાસ કરીને ચોક્કસ સ્વરૂપે એ પ્રકારેના વિધિ વિધાનની રચના કરશે જેને કારણે ન્યાયની કલ્પના સાકાર કરવાના હેતુથી સૌને મફત કાનુની સલાહ મળી શકે અને કોઇ પણ નાગરિક ન્યાયની વંચિત ન રહે. આથી ભારતીય ભારતીય બંધારણમાં જ રાજય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અંતર્ગત મફત કાનૂની સહાય અર્થે ખાસ જોગવાઇ કરવામાં આવી છે.

ભારતીય બંધારણના ૪૨માં બંધારણીય સુધારા દ્વારા ભારતીય બંધારણમાં જ મફત કાનૂની સહાય અર્થેની વ્યવસ્થા આમેજ કરવામાં આવી છે એટલું જ નહીં પરંતુ ખરેખર તો અનુચ્છેદ ૨૧ કે જીવન જીવવા સંબંધોનો અધિકાર છે તેની સમકક્ષ એટલું જ નહીં પરંતુ સ્થાન આપવામાં આવેલું છે અને તેથી નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

(૧) કોઇ પણ કેદી કે જે જેલમાં છે તે વકીલ રાખી શકવાની સ્થિતિમાં ન હોય તે સ્થિતિમાં અદાલત આવી વ્યક્તિને માત્ર વકીલ નહીં પરંતુ સક્ષમ ધારાશાસ્ત્રીની સેવા ઉપલબ્ધ બનાવશે. સર્વોચ્ચ અદાલતે ખૂબ જ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે જે વ્યક્તિ જેલમાં હોય તે પ્રકારની વ્યક્તિને એ પ્રકારે બંધારણીય અધિકાર છે કે જેમાં આવી વ્યક્તિ પોતાની પસંદગીનો વકીલ કે કાનૂની સલાહકાર રાખી શકે છે.

(૨) રાજયની પણ એ ફરજ બનશે કે આ પ્રકારે બચાવ પક્ષના વકીલને ધારા ધોરણ મુજબનું મહેનતાણું મળી રહે.

(૩) રાજયની આ પ્રકારની વકીલને 'ન્યાયી, વ્યાજબી અને ન્યાયઃ પુરઃ સરઃ' એવી તક આપે જેથી આવા કિસ્સામાં અપીલ વગેરે કરી શકાય.

(૪) મફત કાનૂની સહાય જયારે પ્રથમ વખત આરોપીને મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવે ત્યારથી શરૂ થશે અને સમગ્ર સુનાવણી સુધી આવી સગવડ ચાલુ રહેશે.

(૫) આ પ્રકારેની સહાય સીક્યુરિટી પ્રોસીડીંગ (સુરક્ષાત્મક વ્યવસ્થા) સુધી પણ લંબાશે.

આ સંદર્ભેના કેટલાક કિસ્સાઓ આપણે ભવિષ્યમાં આ કોલમમાં ચર્ચા કરવાનાં છીએ પરંતુ હાલ તો કાનૂની સલાહ અને સહાય સંદર્ભે આગળ વધીએ તો,

જયારે કોઇ વ્યક્તિને કોર્ટમાં કેસ દાખળ કરવો હોય અથવા તો જે તે વ્યક્તિને પોતાનો બચાવ કરવો હોય તેવા સંજોગોમાં આ વ્યક્તિને મફત કાનૂની સલાહ અને સહાય જોઇતી હોય તો મફત કાનૂની સલાહ અને સહાય મળી શકે છે, તો આ કાનૂની સલાહ અને સહાય શું છે?

સમાજના નબળા વર્ગોને વિના મૂલ્યે કાનૂની સલાહ અને સહાય આપવી તેમજ ન્યાય મેળવવાની તકનો સમાન ધોરણે લાભ આપવો અને સમાન તકના ધોરણે કાનૂની પદ્ધતિનું કાર્ય ન્યાયને ઉત્તેજન આપે તે માટે લોક અદાલતોનું આયોજન કરવું તેને કાનૂની સલાહ અને સહાય કહી શકાય.

કાનૂની સહાય અને સહાયની યોજના એ અંગે સમજીએ તો કાનૂની સલાહ અને સહાયની વિવિધ યોજનાઓને આવરી લેતો કાયદો છે જેને કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ કહે છે અને તેની અંતર્ગત કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકાર વહીવટી સુમેળ સાધી કાનૂની સેવાઓની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે અને રાષ્ટ્રીય કક્ષાએ, રાજય કક્ષાએ, જીલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ ગોઠવાયેલા ન્યાયચંત્ર એટલે કે કોર્ટનો ઉપયોગ કરી કાનૂની સહાયની યોજનાનો અમલ કરવામાં આવે છે. કાનૂની શિક્ષણ શિબિરો પણ આ જ યોજનાનો એક ભાગ છે.

કાનૂની સહાયની યોજના હેઠળ કોર્ટમાં કેસ દાખલ કરવા અથવા તો કેસ લડવા મફત કાનૂની સલાહ અને સહાય જોઇતી હોય તો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સ્ત્રી, બાળકો, વગેરેને આવકની મર્યાદા નડતી નથી અને આ સિવાય અન્ય વ્યક્તિઓની એટલે કે એવી વ્યક્તિ જો કાનૂની સહાય મેળવવા ઇચ્છતી હોય તો તેની વાર્ષિક આવક રૂપિયા ચાલીસ હજારથી વધારે ન હોય તો મફત કાનૂની સલાહ અને સહાય મળી શકે પરંતુ ખાસ એ વાત યાદ રહે અને નોંધીએ કે વિવેક બુદ્ધિ મુજબ સમાજમાં જે બદીઓ રહેલ છે તેને ઉત્તેજન ન મળે તે ધ્યાનમાં રાખીને કાનૂની સહાય આપવામાં આવે છે. આવક મર્યાદાનાં સંદર્ભમાં જો જે તે વ્યક્તિ પાસે આવકનો દાખલો ન હોય તો જે તે વ્યક્તિ પોતાની આવક વિશે અદાલતમાં સોગંદનામું કરી શકે છે પરંતુ સોગંધનામુ માનવું કે ન માનવું તેમ જે તે કાનૂની સહાય આપનાર સમિતિની ઉપર આધાર રાખે છે. જો જે તે વ્યક્તિએ કરેલ સોગંધનામું સમિતિને માન્ય હોય તો તેને આ પ્રકારના સોગંધનામા આધારે કાનૂની સલાહ અને સહાય મળી શકે છે અને ામ વ્યક્તિએ આવકનું પ્રમાણપત્ર લાવવું જરૂરી નથી.

સામાન્ય રીતે કોઇ પણ પ્રકારની દિવાની, ફોજદારી, મહેસૂલી, મજુર ઔદ્યોગિક, અદાલત કે પંચ સમક્ષ દાખલ કરવાના થતાં દાવાઓ, અરજી, ફરિયાદો, અપીલ, રીટ કે રીવીઝન અરજી આવા તમામ પ્રકારના કેસમાં કાનૂની સલાહ અને સહાય મળી શકે છે. જે તે વ્યક્તિ કોર્ટમાં કેસ દાખલ કરવા માટે વકીલ તેમજ ટાઇપ ખર્ચ, નકલ માંગવાનો ખર્ચ કે ખરી નકલનો જે કાંઇ ખર્ચ થાય અને આ તમામ ખર્ચ એ કાનૂની સહાય સમિતિ દ્વારા ચુકવવામાં આવે છે.

સમગ્ર દેશમાં કાનૂની સહાય અને સલાહની પ્રવૃત્તિમાં ગુજરાત પ્રથમ નંબરે છે. સમગ્ર દેશમાં પ્રથમ લોક અદાલતનું આયોજન પણ ગુજરાતમાં જ કરવામાં આવેલું અને આજે પણ સમગ્ર ગુજરાતમાં લોક અદાલત અને કાનૂની શિક્ષણ શિબિરો વધારેને વધારે યોજવામાં આવે છે અને છેવાડાના માનવી સુધી કાનૂની સલાહ અને સહાયની માહિતી પહોંચે તે માટે પ્રામાણિક પ્રયત્નો તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ કરવામાં આવે છે. હાલમાં પણ વિશ્વ મહિલા દિવસ ૮ માર્ચ, ડો. બાબાસાહેબ આંબેડકર જયંતિ ૧૪ - એપ્રિલ, ગુજરાત સ્થાપના દિન ૧ - મે, બીજી ઓકટોબર ગાંધી જયંતિ, ૩૧ ઓકટોબર સરદાર વલ્લભભાઇ પટેલ જયંતિ તથા ૯ મી નવેમ્બર રાષ્ટ્રીય કાનૂની દિવસનાં સંદર્ભમાં લોક અદાલત અને કાનૂની શિક્ષણ શિબિરો યોજવાની પ્રવૃત્તિ જોર શોરથી ચાલી રહી છે. તેનાં સંદર્ભમાં આ કોલમમાં પણ આ વિષયને વિશેષ મહત્ત્વ સાથે જોડવામાં આવેલ છે અને એ રીતે છેવાડાના માણસ સુધી કાનૂની સલાહ અને સહાયનો સંદેશો પહોંચાડવાનો આ એક પ્રયાસ છે.

કાનૂની શિક્ષણ શિબિરમાં મેળવેલ કાયદાની માહિતીને આધારે એક નાનકડો માનવી પણ ખુમારીપૂર્વક અધિકારીને ન્યાયની ભાષામાં જવાબ આપી શકે છે અને આવી શિબિરો યોજવાની કેટલાક લોકોને વર્ષોથી ન્યાય ન મળ્યો હોય અથવા તો ખ્યાલ જ ન હોય કે તેઓ ન્યાય મેળવવા અધિકારી છે તેની પણ માહિતી છે અને વર્ષોથી નહીં મળેલા અધિકાર ટૂંકા સમયમાં મેળવી શકે છે જેના કિસ્સાઓ સાથે મળીને આવતાં અંકે...